. સમરસ છાત્રાલયમાં અનુસુચિત જાતિ/
અનુસુચિત જન જાતિ અને વિકસતી જાતિના
વિદ્યાર્થીઓની પ્રવેશના નિયમો અને પ્રવેશ
ની ટકાવારી નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસમછા-૧૦૧૬-૩૪૧૫૫૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬-૭-૨૦૧૬

વંચાણે લીધાં :

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો તા.૧૮-૬-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ
અજાક-ગ- ૧-૧-૨૦૧૬-૧૭-૯૬૮૦ થી ૮૨

આમુખ-

સમરસ છાત્રાલયમાં પ્રવેશના નિયમો અને તેમની ટકાવારીના નિયમો નકકી કરવા તા. ૨૮-૬-૨૦૧૬ના રોજ માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અદયક્ષ સ્થાને અને માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસની ઉપસ્થિતમાં અને ત્રણેય ખાતાના વડાઓની હાજરીમાં બેઠક રાખવામાં આવેલ અને ઉક્ત બેઠક માં થયેલ ચર્ચા અને સુચના મુજબ સમરસ છાત્રાલયના પ્રવેશના નિયમો અને તેમની ટકાવારી નક્કી કરવામાં આવેલ તે મુજબ પ્રવેશના નિયમો, અને તેની પ્રવેશ ની ટકાવારી નકકી કરવાની બાબત નિયામકશ્રી, અજાકે વંચાણે લીધા ક્રમ (૧) પરના તા.૧૮-૬-૨૦૧૬ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રી ની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણા ને અંતે પ્રવેશ માટે અનુસુચિત જાતિઓના છાત્રો માટે કુલ મળીને ૧૫ ટકા, અનુસુચિત જન જાતિના છાત્રો માટે કુલ મળીને ૩૦ ટકા, ઓબીસી (OBC) ના કુલ મળીને ૪૫ ટકા તેમજ ઇબીસી (EBC) માટે ૧૦ ટકા અનામત રાખવાનું ઠરાવવામાં આવે છે. તથા આ સાથે સામેલ સમરસ છાત્રાલયમાં પ્રવેશના નિયમો આથી બહાર પાડવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૫-૭-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:

માન. મુખ્યમંત્રીશ્રીના ના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
સર્વે રાજ્ય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ .વિકાસ, બિરસા મુંડા ભવન ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(તમામ જિલ્લા અધિકારીશ્રીઓ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તમામ નાયબ નિયામકશ્રીઓ (નિયામકશ્રી અ.જા.ક મારફત)
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)(નિયામકશ્રી અ.જા.ક.મારફત)
નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(તમામ જિલ્લા અધિકારીશ્રીઓ નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ, મારફત)
સેકશન અધિકારીશ્રી,અ-૧ શાખા, સા.ન્યા અને અધિ વિભાગ
સે. અ. શ્રી (કો. સેલ)વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેક્ટ ફાઇલ..

# સરકારી સમરસ છાત્રાલયના વિધાર્થી પ્રવેશ અંગેના નિયમો

૧. પ્રવેશની ટકાવારી

| અનુ. નં | અભ્યાસક્રમની કેટેગરી | ટકાવારી |
|---|---|---|
| ૧ | મેડીકલ, એન્જીનિયરીંગ, ફાર્મસી,ડિપ્લોમા, ફાર્મસી, આયુવેદિક, એન.આઇ.ડી, એન.આઇ.એફ.ટી, ડેન્ટલ, હોમીયોપેથીક જેવા સ્નાતક કક્ષા અન્ય તમામ અભ્યાસક્રમો | 30% |
| ૨ | પોસ્ટ ગ્રેજયુએટ તથા ઉપરના અભ્યાસક્રમો<br>એમ.એ. ,એમ.કોમ, એમ.એસ.સી.,એમ.બી.એ., એમ.એસ.ડબ્લયુ. એમ.સી.એ., એમ.એલ ડબ્લયુ, એમ.એડ, એમ.ફીલ પી.એચ.ડી, જેવા અન્ય તમામ અભ્યાસક્રમો | 30% |
| 3 | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો<br>સાયન્સ, કોમર્સ, આટર્સ, બી.બી.એ., બી.સી.એ, બી.એડ LL.b વગેરે જેવા અન્ય તમામ અભ્યાસ ક્રમો (સ્પીપામાં UPSCની પરીક્ષાના તાલીમ અભ્યાસક્રમો) | ૪0% |

ઉપર મુજબ અભ્યાસક્રમો કેટેગરી મુજબ પ્રવેશ આપવાનો રહેશે જયાં જે અભ્યાસક્રમોની કેટેગરીમાં છાત્રો ઉપલબ્ધ ન થાય તે બીજા અભ્યાસક્રમની કેટેગરીમાં પ્રવેશ આપવાનો રહેશે.

૨. વિધાર્થીઓ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે નકકી કરેલ આવક મર્યાદા વાર્ષિક રૂ.૬.00 લાખ રહેશે.

3. વિધાર્થીનીઓ માટે આવક મર્યાદા લાગુ પડશે નહીં.

૪. છાત્રાલયમાં ધોરણ-૧૨ પાસ(ઉચ્ચતર માધ્યમિક બોર્ડ તથા સીબીએસસી બોર્ડ સહિત) અથવા તે પછીનુ ઉચ્ચ શિક્ષણ લેતા વિધાર્થીઓ પ્રવેશ માટે લાયક ગણાશે.

૫. ગુજરાત રાજય બહારના કોઇ વિધાર્થી કે વિધાર્થીનીને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૬. છાત્રાલયમાં ખાતા દિઠ મુકરર કરેલ પ્રવેશની ટકાવારી ધ્યાને લઇ નીચે મુજબની પેટન પ્રમાણે પ્રવેશ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) માટે ૪૫% અનામત રહેશે.

(૨) અનુસુચિત જાતિ માટે કુલ મળીને ૧૫% અનામત રહેશે

(૩) અનુસૂચિત જન જાતિ માટે કુલ મળીને ૩૦% અનામત રહેશે.

(૪) આર્થિકરીતે પછાત વર્ગ (EBC) માટે ૧૦% અનામત રહેશે.

<u>વધુમાં</u>

અનુસૂચિત જાતિના ૧૫% લેખે વિદ્યાર્થીઓ ન મળે તો પ્રથમ અનુસૂચિત જન જાતિ અને તે પછી ખાલી રહે તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. તેમજ

અનુસૂચિત જન જાતિના ૩૦% વિદ્યાર્થીઓ ન મળે તો પ્રથમ અનુસૂચિત જાતિના અને તે પછી ખાલી રહે તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે તેમજ

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૪૫% લેખે વિદ્યાર્થી ન મળે તો પ્રથમ અનુસૂચિત જાતિના અને તે પછી ખાલી રહે તો અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

<u>વધુમાં</u>

જાતિવાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત જગ્યા ઓ પૈકી ૩% વિકલાગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે, ૧% અનાથ વિદ્યાર્થીઓને અનામત આપવાની રહેશે.

૭. છાત્રાલયમાં આપવામાં આવતો પ્રવેશ વિધાર્થીના વર્તન, અભ્યાસ, રહેણીકરણી, શિસ્ત, ચરિત્ર વગેરેને ધ્યાનમાં લઇ એક શૈક્ષણિક વર્ષ પુરતો રહેશે.

૮. છાત્રાલયના જુના વિધાર્થીઓએ પણ પ્રવેશ ચાલુ રાખવા નવેસરથી અરજી કરવાની રહેશે.

૯. સમરસ છાત્રાલયોની સોસાયટી અન્વયે રચાયેલ મેનેજમેન્ટ કમિટિ ધ્વારા પ્રવેશ નિયત કરવામાં આવશે

૧૦. મેનેજમેન્ટ. સમિતિ જે તે જાતિઓ માટે નિયત જગ્યાના પ્રમાણમાં મેરીટના ધોરણે પસંદગી કરશે, ઉપરાંત જે તે જાતિના વિધાર્થીઓ માટે પ્રતિક્ષાયાદી તૈયાર કરશે.

૧૧. નવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અરજી કરવા માટે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ૫૦% કે તેથી વધુ અને અનુસ્તાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ૫૦% કે તેથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ/વિધાર્થીનીઓ અરજી કરી શકશે અને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

જુના વિધાર્થીઓ/વિધાર્થીનીઓ પૈકી જે છાત્રોઓ બીજા વર્ષે પણ છાત્રાલયમાં ચાલુ રહેવા માંગતા હોય તો તેમને ગત વાર્ષિક પરીક્ષામાં સ્નાતક ઉપરના ૫૦% કે તેથી વધુ અને અનુસ્નાતક લેવલના અભ્યાસક્રમ ૫૦% કે તેથી વધુ ગુણ યુનિવર્સિટી પરીક્ષામાં મેળવેલાને જ દાખલ કરવામાં આવશે જ્યાં ટકાવારીને બદલે ગ્રેડેશન આપવામાં આવતા હોય ત્યાં સમિતિ એ ૫૦% કે તેથી વધુના સમકક્ષ આવતા ગ્રેડેશન ને ધ્યાને લેવાનુ રહેશે. જુના વિધાર્થીને પ્રવેશ આપતી વખતે તે વિધાર્થીની ગત વર્ષની વર્તુણુંકને ખાસ ધ્યાનમાં લેવામાં આવશે. (વિદ્યાર્થીઓની ટકાવારી કુલ ગુણ માંથી મેળવેલ ગુણ ઉપરથી ગણવાની રહેશે.)

(૧) નાપાસ થનાર અને એ.ટી.કે.ટી. વાળા મુખ્ય વિષયમાં ડ્રોપ લેનાર વિધાર્થીઓને તથા ઉપર જણાવ્યા પ્રમાણેના ગુણોથી ઓછા ગુણ મેળવેલ વિધાર્થીઓને દાખલ કરવામાં આવશે નહીં.

(૨) આર્યુવેદિક, તબીબી, કે ઇજનેરી અભ્યાસક્રમોમાં ભણતા વિધાર્થીઓ યુનિવર્સીટીની પરીક્ષામાં આખા કોર્ષ દરમ્યાન જો ત્રણ વખત નાપાસ થયેલ હશે તો તેઓને ખાસ કેસ તરીકે પ્રવેશ આપી શકાશે.

(૩) વિધાર્થીનીઓની બાબતમાં નિયમ હળવો કરવામાં આવશે.

(૪) જે અભ્યાસક્રમોના પરીણામો મોડા આવતા હોય તેઓની પરીણામ ન આવે ત્યા સુધી જગ્યા ખાલી રાખવી અને પરીણામ આવ્યા બાદ પ્રવેશ આપવાનો રહેશે. હાલમા જી.ટી.યુના પરિણામો મોડા આવતા હોવાથી અને આગળના સેમીસ્ટરના અભ્યાસક્રમો ચાલુ થઇ જતાં હોવાથી સેમેસ્ટર પધ્ધતિમાં સેમેસ્ટર ૧, ૩, ૫ ના પરિણામો આવેલ હોય છે અને સેમેસ્ટર ૨,૪,૬ ના પરિણામો આવેલ હોતા નથી. તેવા સંજોગોમાં નીચે મુજબ પ્રવેશ આપવો

(૧) પ્રથમ વર્ષે - ધોરણ-૧૨ ની વાર્ષિક પરીક્ષાના આધારે
(૨) બીજુ વર્ષે- સેમેસ્ટર-૧ ની પરિણામના મેરીટના અધારે
(૩) ત્રીજુ વર્ષ – સેમેસ્ટર-૩ ની પરિણામના મેરીટના આધારે
(૪) ચોથુ વર્ષ - સેમીસ્ટર- ૫ ની પરિણામના આધારે

૧૨. સત્ર શરૂ થતા નિયમોનુસાર પાત્રતા ધરાવતા જુના વિદ્યાર્થીઓ કે જેઓનો અભ્યાસ ચાલુ થઇ ગયેલ હોય તેઓને ચાલુ અભ્યાસક્રમ માટે અરજી કર્યેથી પ્રવેશ આપી દેવાનો રહેશે.

૧૩. છાત્રાલય જે સ્થળે આવેલ હોય તે શહેરના સ્થાનિક વિદ્યાર્થીઓ અરજી કરી શકશે નહી પરંતુ જેઓ સ્લમ, કાચા મકાન, ઝુંપડીપટ્ટી, તંબુ વસાહત, ગંદાવિસ્તારમાં રહેતા હોય તેવા ગરીબ સ્થાનિક વિધાર્થીઓને પ્રવેશ માટે અરજી કરી શકશે.

૧૪. દરેક વિધાર્થીએ દાખલ થતી વખતે નિયત નમુનામાં વ્યકિતગત રીતે બાંહેધરી પત્રક આપવાનુ રહેશે અને તે બાંહેધરીનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. તેમજ વાલીએ પણ નિયત નમુનામાં બાંહેધરી પત્રક આપવાનુ રહેશે.

૧૫. કોઇ પણ વિધાર્થીને કોઇ પણ પ્રકારનો ચેપી રોગ હોય, કોઇ ગુપ્ત રોગ હોય તેવાઓએ તેની જાણ સમાજ કલ્યાણ અધિકારી (છાત્રાલય) ને તુરત કરવાની રહેશે અને જાણ નહીં કરનાર અંગે પાછળથી માહિતી મળશે અને તે સાબિત થશે તો કાર્યવાહી કરી વિધાર્થીને તાત્કાલિક છાત્રાલયમાંથી છુટા કરવામાં આવશે.

૧૬. મેનેજમેન્ટ કમિટિ પ્રવેશ આપવાની કાર્યવાહી પૂર્ણ કરશે અને છાત્રાલયના નોટીસ બોર્ડ પર પ્રવેશ યાદી નિયત સમયમાં પ્રસિધ્ધ કરશે.

૧૭. છાત્રાલયમાં દાખલ થવા ઇચ્છતા વિધાર્થી /વિધાર્થીનીઓએ ખાતાએ નિયત કરેલ અરજી પત્રકમાં ઠરાવેલી તારીખ સુધીમાં અરજી કરવાની રહેશે આ અરજી પત્રક વિના મુલ્યે પુરા પાડવામાં આવશે તે સંપુર્ણ વિગત અને તેના બિડાણો સાથે ભરીને મોકલવાના રહેશે. અધુરા અરજી પત્રકો સ્વીકારવામાં તેમજ વિચારણામાં લેવામાં આવશે નહીં ખોટી માહિતી આપી પ્રવેશ મેળવેલ વિધાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૧૮. છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ વિધાર્થી-વિધાર્થીનીઓએ ખાતા/સરકારશ્રીએ નકકી કરેલ વખતો વખતના નીતિ નિયમોનુ પુરેપુરી રીતે પાલન કરવાનુ રહેશે. નકકી કરેલ નિયમો આ સાથે સામેલ છે.